ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૬૩ ટકા

# સિવિલ પાછળની ઝાડીઓમાંથી ત્યજી દેવાયેલી બાળકી મળી

## સાંજે બાળકીને ત્યજીને જતાં એક કપલને રાહદારીએ જોયું પણ પકડાયા નહી તંદુરસ્ત એક મહિનાની બાળકીને હોસ્પિટલમાં લઈ જવાઈ : પોલિસે તપાસ આરંભી



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાછળ બીઆરસી ભવન પાસેની ઝાડીઓમાંથી ગઈ મોડી સાંજે ત્યજી દેવાયેલી એકાદ મહિનાની ફુલ જેવી માસુમ બાળકી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. રાહદારીએ એક કપલને ત્યાં બાળકીને ત્યજીને જતાં જોયું પણ તે પકડાયા ન હતા તેવું ચર્ચાઈ રહ્યું છે. બાળકીને ત્યાંથી ઉઠાવીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી તો બીજી તરફ સે-૭ પોલિસે અજાણ્યા

### શિક્ષિત શહેરની શરમકથા

કપલ સામે ગુનો નોંધી તેની શોધખોળ શરુ કરી છે.

શહેરના સેકટર-૧૨ ખાતે આવેલી સિવિલ હોસ્પિટલ પાછળ બીઆરસી ભવન પાસેની ઝાડીઓમાંથી ગઈ સાંજે સાતેક વાગ્યે એક ત્યજી દેવાયેલી બાળકી મળી આવી હતી. બાળકીનો જન્મ છુપાવવા કોઈ યુવક યુવતીએ મળીને તેણીને ઝાડીઓમાં ત્યજી દીધી અને સ્થળ પરથી રફુચક્કર થઈ ગયા હતા. રાહદારીનું ધ્યાન પડતા તેણે તાત્કાલીક પોલિસ બોલાવી લીધી હતી. બાળકીને ત્યાંથી ઉઠાવીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ટ્રીટમેન્ટ માટે તાત્કાલિક લઈ જવાઈ હતી. એકાદ માસની આ ત્યજી દેવાયલી બાળકી હાલ તંદુરસ્ત છે. સેકટર-૭ અને સેકટર-૧૩ પ્રાથમિક શાળાની ઓરડીમાં રહેતા રવિભાઈ ગરાસીયાની ફરિયાદ લઈને અજાણ્યા યુવક યુવતી સામે ગુનો દાખલ કરી બાળકીના માતા-પિતાની તપાસ માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ બાળકી ત્યજી દેવાયેલી હાલતમાં જયાંથી મળી તેની આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફુટેજ પણ મેળવવા ગતિવિધિ તેજ કરવામાં આવી છે.

## જન્મદિને વધામણી



નિતિન પટેલ
મો. ૯૮૨૪૪૦૯૩૭૦

# સે-૮ ચર્ચની બાજુમાં બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યુ

## રજાઓમાં મકાન બંધ કરીને પરિવાર સૌરાષ્ટ્ર ફરવા ગયું ને તસ્કરો બારીની ગ્રીલ તોડીને આખું ઘર ફંફોસી ગયા : દિકરીની કેશબેંક ‘ગલ્લો’ પણ તસ્કરોએ તોડી નાંખ્યોને સિક્કા ઉઠાવી ગયા







ગાંધીનગર, તા.૨૯

શહેરના સેકટર-૮માં ચર્ચ પાસે આવેલા સરકારી મકાનમાં રહેતું પરિવાર દિવાળીની રજાઓમાં સૌરાષ્ટ્ર ફરવા ગયું હતું તે દરમિયાન અઠવાડિયામાં આ બંધ મકાનને ટાર્ગેટ બનાવી તસ્કરોએ આખું ઘર ફંફોસી નાંખ્યું હતું. મકાનની બારીની ગ્રીલ તોડીને ઘુસેલા તસ્કરોએ બંને રુમની ચાર તિજોરીઓ ફેંદી સાતેક હજાર રોકડા ઉઠાવી લીધા હતા. મકાન માલિકની સજાગતાને પગલે કોઈ મોટી માલમત્તા કે દાગીના ચોરોને હાથ આવ્યા ન હતા વધુ માલમત્તાની ચોરી ન થઈ હોવાથી મકાનમાલિકે સે-૭ પોલિસ મથકમાં ફરિયાદ કરવાનું ટાળી માત્ર જાણવાજોગ આપીને પેટ્રોલીંગ વધારવા સુચન કર્યું હતું.

શહેરના સેકટર-૮માં રહેતા ફારૂક એન. બલોચ ગત શનિવારે પરિવારને લઈને સૌરાષ્ટ્રમાં ગીર, સોમનાથ, ઉના સહિતના વિસ્તારોમાં ફરવા ગયા હતા. સાતેક વર્ષ અગાઉ તેમના મકાનમાં ચોરી થઈ હતી અને સોનાના દાગીના ચોરાયા હતા ત્યારથી શીખ લઈને તેમણે બહારગામ જતી વખતે દાગીના કે મોટી રકમ ઘરમાં નહી રાખવાનો નિર્ણય લઈ લીધો હતો. આ અઠવાડીયું બહારગામ ગયા ત્યારે પણ આમ કર્યું હતું. ઘરમાં કોઈ દાગીના કે મોટી કેશ રાખી ન હતી. બહારગામ ફરીને પરત આવ્યા ત્યારે ગઈ સાંજે દરવાજાનું તાળુ ખોલીને અંદર ઘરમાં પ્રવેશ કર્યો તો સામાન વેરવિખેર પડેલો જોઈ પરિવારના સભ્યો ચોંકી ગયા હતા. દિવાનખંડ અને શયનખંડ બંને રૂમોમાં સામાન વેરવિખેર હતો અને તિજોરીએ ખુલ્લીખમ પડી હતી. બેડરૂમની બારીની ગ્રીલ તુટેલી હતી અને બેડ ઉપર ગ્રીલ પડી હતી. ગ્રીલ તોડીને ઘુસેલા તસ્કરો આખા ઘરમાં શાંતિથી ફર્યા અને એક એક ખુણાઓ તપાસ્યા કે કયાંકથી મોટી માલમત્તા મળે...! દાદાએ મુકેલા સાતેક હજાર રોકડા તિજોરીમાં હતા તે ચોરોને હાથ લાગ્યા પરંતુ કોઈ મોટી માલમત્તા હાથ ન લાગતા ચોરોએ મકાનમાલિકની દિકરીની પ્લાસ્ટીકની કેશબેંક ‘ગલ્લો’ લઈ લીધો હતો અને તેને ચપ્પાથી તોડીને રોકડા સિક્કાઓ ખિસ્સામાં નાંખી દીધા હતા. મકાન માલિકે તાત્કાલિક પોલીસને જાણ કરતા સે-૭ પોલિસ સ્થળ પર આવી પહોંચી હતી અને નિરિક્ષણ કર્યું હતું. જો કે કોઈ મોટી માલમત્તાની ચોરી ન હોવાથી મકાનમાલિકે ફરિયાદ કરવાનું ટાળી માત્ર જાણવાજોગ નોંધાવીને આ વિસ્તારમાં પેટ્રોલીંગ સઘન બનાવવા રજુઆત કરી હતી.

# વાવોલ ગામમાંથી દારૂ ભરેલી હોન્ડા સીટી પકડાઈ

## ગાડીની ડેક્કીમાંથી ૮૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી : આરોપી ફરાર

ગાંધીનગર, તા.૨૯

ચુંટણીને પગલે જિલ્લામાં એસ.પી.એ પ્રોહીબીશન ડ્રાઈવ રાખી છે. જે અંતર્ગત સેકટર-૭ પોલિસે પોતાના બાતમીદારો સક્રિય કરી ચોકકસ બાતમીને આધારે વાવોલ ગામના દરબારવાસમાં દરોડો પાડયો હતો. ઘર આંગણે પડેલી હોન્ડા સીટી કારની ડેક્કીમાંથી ૮૪ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવતા સે-૭ પોલિસે મુદ્દામાલ જપ્ત કરી આરોપીની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી પ્રોહીબીશન ડ્રાઈવ અંતર્ગત સેકટર-૭ સિનિ. પી.આઈ. જે.બી. પંડીતની ટીમ તે દિશામાં સક્રિય છે ત્યારે ડી સ્ટાફ પી.એસ.આઈ. દેસાઈ તથા સ્ટાફના માણસોએ ચોકકસ બાતમીને આધારે વાવોલ ગામના દરબારવાસમાં દરોડો પાડયો હતો. જીજે ૧ એચ.કયુ. ૯૫૭૧ નંબરની હોન્ડા સીટી કારમાં ડેક્કીમાં તપાસ કરતાં અંદરથી માસ્ટર મોમેન્ટ વ્હીસ્કીની ૮૪ નંગ બોટલો મળી આવી હતી. દારૂની બોટલો અને કાર જપ્ત કરી લઈ સે-૭ પોલિસે વાવોલના નિકુલસિંહ ગોલ સામે પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. જો કે સ્થળ પરથી આરોપી મળી આવ્યા નથી.

# શહેરમાં સરદાર પટેલની ૧૪૨મી જન્મજયંતિની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૯

અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરુષ અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૨મી જન્મજયંતિની ઉજવણી નિમિતે આગામી તા.૩૧ ઓકટોબરને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સરદાર પટેલની પ્રતિમા, વિધાનસભા સામે પટાંગણમાં સેકટર-૧૦એ ખાતે પુષ્પાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગર શહેર જિલ્લાના સરદાર પ્રેમી ભાઈઓ અને બહેનોને વધુમાં વધુ સંખ્યામાં હાજર રહેવા અને સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવા અનુરોધ કર્યો છે. સરદાર પટેલની જન્મજયંતિ ઉજવણી સમિતિના કન્વીનર વિક્રમ કે. પટેલ તેમજ સમસ્ત પાટીદાર સમાજના અધ્યક્ષ કુંવરજીભાઈ પટેલે અનુરોધ કર્યો છે.





ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર એકમના યજમાન પદે ૪૦મી ઓલ ઈન્ડિયા ઈન્ટર ફ્રન્ટિયર એથ્લેટિકસ મીટ તથા પહેલી ઈન્ટર કમાન્ડ મહિલા બાસ્કેટબોલ સ્પર્ધા સેકટર-૧૫ના સાઈ સ્ટેડિયમ તથા બીએસએફના સ્પોર્ટસ કલબ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ છે. સ્પર્ધામાં વિવિધ એથ્લેટિકસની રમતો જેવી કે અલગ અલગ અંતરની દોડ, વિધ્ન દોડ, ભાલા ફેંક, ટ્રીપલ જમ્પ, હાઈ જમ્પ તેમજ અન્ય સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સાથે મહિલા બાસ્કેટ બૉલ સ્પર્ધામાં વેસ્ટર્ન કમાન્ડની ટીમ વિજેતા બની હતી જયારે ઈસ્ટર્ન કમાન્ડની ટીમ રનર્સ અપ રહી હતી.

# ઈ-મેમો : ઉપરવાલા સબ દેખ રહા હૈ

## ઈ-મેમોથી બચવા કરાતા ગતકડાં આપણી નિયમપાલન નહી કરવાની માનસિકતાને ખુલ્લી પાડે છે : વાહન ખરીદીમાં જેટલા આપણે પાવરધા છીએ તેટલા ટ્રાફિકના નિયમપાલનમાં બેદરકાર પણ છીએ : એટલેજ વિશ્વમાં સૌથી વધુ અકસ્માતો સર્જીએ છીએ




ગાંધીનગર, તા.૨૯

કોઈ વિદેશ એમાં પણ ખાસ કરીને પશ્ચિમના દેશોમાં જઈને આવે એટલે ત્યાંના નાગરિકો દ્વારા કરવામાં આવતુ કાયદાપાલન અંગે ખાસ વાત કરે જેમાં વાહનચાલકો જો ભૂલ કરે તો ત્યાં તો ઠેર ઠેર કેમેરા લાગેલા હોય છે અને બીજા દિવસે તમારા ઘરે દંડનો મેમો આવી જાય, જો એ ના ભરો તો બીજીવાર કોર્ટની નોટીસ આવી જાય તેવી વાતો કરતા એમ પણ કહેતા કે આપણા દેશમાં પણ આ સીસ્ટમ લાગુ કરવાની જરૂર છે તેવી સુફિયાણી સલાહો પણ આપી દેતા હતા. જો કે હવે જયારે આપણા દેશમાં પણ આ જ પ્રકારની સીસ્ટમ અમલમાં આવી છે ત્યારે વાહનચાલકોને મળતા ઈ મેમો ખૂબ અકળાવી રહ્યા છે અને ઈ મેમોથી બચવા અવનવા ગતકડાં શોધી રહ્યા છે. ગાંધીનગર અને અમદાવાદ સહિત અનેક શહેરોમાં ચૌરે ને ચૌટે લગાડાયેલા સીસીટીવી કેમેરા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોને જાણે કહી રહ્યા છે કે ‘સાવધાન, ઉપરવાલા સબ દેખ રહા હૈ.’

વિશ્વમાં સૌથી વધુ ઝડપે વિકસતા અર્થતંત્ર ધરાવતો આપણો દેશ વાહન વ્યવહારના નિયમોનું ઉલ્લંઘન કરવામાં પણ અગ્રેસર છે અને એટલે જ વિશ્વમાં સૌથી વધુ અકસ્માતો આપણા દેશમાં સર્જાય છે. એટલું જ નહી પરંતુ માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુનો આંક પણ સૌથી વધુ રહે છે. આપણે જેટલી તત્પરતા વાહન ખરીદવામાં બતાવીએ છીએ તેનાથી અડધી પણ ટ્રાફિકના નિયમોના પાલનમાં નથી દેખાડતા. વળી, જો સરકારી તંત્ર નિયમ પાલન કરાવવા માટે ‘વિદેશોમાં હોય તેવા આધુનિક’ પગલા ભરે ત્યારે તેનાથી પણ બચવાના કિમિયા શોધવા માટે નિયમ પાલન માટે કરવી પડે તેનાથી પણ વધુ મહેનત કરતા અચકાતા નથી. આજે એક ઘરમાં જેટલા સભ્યો હોય તેના કરતા વાહનોની સંખ્યા વધુ હોય તેવી સ્થિતિ છે પરંતુ તેવા ઘરોમાં હેલ્મેટ શોધી જડતી નથી. હવે તો દિન-પ્રતિદિન લોકપ્રિય બનતા જઈ રહેલા ગીયરલેસ સ્કૂટરોમાં હેલમેટ મુકી શકાય તેવી ડિકીની સગવડ હોવા છતાં હેલ્મેટ ખરીદવામાં ઉદાસીનતા જોવા મળે છે અને જો ખરીદવામાં આવે તો માત્ર દેખાવ પૂરતી પ્લાસ્ટિકની ટોપી જેવી ગુણવત્તા વગરની હેલ્મેટ ખરીદાય છે.

માત્ર હેલ્મેટ પહેરવાની ઉદાસીનતા જ નહી પરંતુ ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી, રોંગ સાઈડ ડ્રાઈવ કરવું, પોતાને જયાં વળવાનું હોય તે આવે તે પહેલા દૂરથી જ રોંગ સાઈડમાં આવી જવું, નાના સર્કલોમાં ડાબી સાઈડ રહેવાનું ટાળી વળી જવું, વળતા પહેલા સિગ્નલ ના આપવું, ત્રણ-ચાર સવારી મુસાફરી કરવી, સાંકડા અને રહેણાંક વિસ્તારોમાં પણ ઓવરસ્પીડ ડ્રાઈવ કરવું આ પ્રકારની અનેક



બેદરકારીઓ અકસ્માતને નિમંત્રે છે. માત્ર ટુ વ્હીલર ચાલકો જ નહી ફોર વ્હીલર ચાલકો પણ સીટ બેલ્ટ બાંધવામાં આળસ, મોબાઈલનો ઉપયોગ, ચાલુ વાહને નાસ્તો કરવો કે પીણાં પીવા, રોંગ સાઈડ ડ્રાઈવીંગ, માર્ગની ગતિ મર્યાદા કરતા ખૂબ વધુ ઝડપે વાહન હંકારવું, રસ્તો ક્રોસ કરનાર અન્ય વાહનો કે રાહદારીઓને અટકાવી પહેલા નીકળવા વાહનની સ્પીડ વધારી દેવી કે લાંબા હોર્ન વગાડવા, શહેરી વિસ્તારોમાં હાઈવે જેટલી સ્પીડ રાખવી જેવી અનેક લાપરવાહી દાખવતા જોવા મળે છે. આ બધી બેદરકારીઓ અને લાપરવાહીઓના કારણે આપણા માર્ગ પર લગાડાયેલા ટ્રાફિકના સિગ્નલ્સ કે નિર્દેશ સૂચકો તો માત્ર શોભાના ગાંઠીયા બનીને જ રહી જવા પામ્યા છે. ટ્રાફિક પોલિસ દ્વારા વાહનચાલકો દ્વારા નિયમ ભંગ બદલ દંડ ઉઘરાવવાની કાર્યવાહીમાં ભ્રષ્ટાચાર થાય છે કે ખોટી રીતે દંડ વસુલાય છે તેવી ફરિયાદો સામે હવે તંત્રએ સીસીટીવી કેમેરાના આધારે વિદેશોની માફક આધુનિક અને પારદર્શી પધ્ધતિ અપનાવવાની શરૂઆત કરી છે. પરંતુ આપણી સગવડ પૂરતી જ નિયમોનું પાલન કરતી આપણી નૈતિકતા હવે આ સીસીટીવી કેમેરાના આધારે આવતા ઈ-મેમોથી બચવા કિમિયા શોધતી થઈ ગઈ છે.

હવે તો દેશમાં હાઈસિકયુરિટી નંબર પ્લેટ અમલમાં મુકાઈ છે પરંતુ ઈ-મેમોથી બચવા વાહનચાલકો નંબર પ્લેટ વાળી નાંખવી કે તોડી નાંખવી, નંબર પ્લેટ પર રૂમાલ કે કપડું બાંધી દેવું, ટુ-વ્હીલર ચાલકના પાછળ બેઠેલા મુસાફર પગ પાછળ રાખી નંબર પ્લેટ ઢાંકી રાખે તેવા ચિત્ર-વિચિત્ર કિમિયા અજમાવે છે. કારચાલકો પહેલા ટ્રાફિક પોલિસને જોઈ સીટબેલ્ટ ખેંચીને બાંધ્યો હોય તેવો ભ્રમ થાય તેવો આભાસ ઉભો કરતા તેવું જ હવે સીસીટીવી કેમેરાને જોઈને કરે છે. ઈમેમોમાંથી બચવા મુખ્ય ચાર રસ્તા ટાળીને અન્ય માર્ગોનો વિકલ્પ અપનાવતા ટુ વ્હીલર ચાલકો હેલ્મેટની કિંમત કરતા વધુનું પેટ્રોલ બાળી નાંખે છે. ઈ-મેમોના કારણે ટ્રાફિક પોલિસના ભ્રષ્ટાચાર પર રોક લાગી છે પરંતુ હજુ પણ ટ્રાફિકના નિયમો તોડવાની આપણી આદત બદલાઈ નથી. વળી, ઘણા તો ‘મારા ઘરે સાત સાત ઈ મેમા પડયા છે’ તેવી શેખી વટથી મારતા વાહનચાલકોની માનસિકતા પર માત્ર હસવું જ નહી પરંતુ દયા પણ આવે છે. જો કે ઈ-મેમો સીસ્ટમના અમલીકરણના પ્રારંભે ખોટા મેમો આવવા જેવી નાની મોટી તકલીફો પડી હતી પરંતુ એકંદરે સફળ થઈ રહેલી સીસ્ટમ ધીમે ધીમે સર્વત્ર લાગુ પડતા મને-કમને પણ નિયમ પાલનની ફરજ પડશે જ. પ્રેમિકાને લઈને રખડતા પરિણિતોના ઘરે ઈ-મેમાને કારણે પોલ ખુલી જવી જેવા રમૂજી કિસ્સાઓ પણ જાણે અજાણે કહી રહ્યા છે કે, ‘સાવધાન, ઉપરવાલા સબ દેખ રહા હૈ.’

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com